ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

**ગુજરાત યુનિવર્સિટી**

**GUJARAT UNIVERSITY**

( NAAC Accredited B ++ )

www.gujaratuniversity.org.in

FAX : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegrams : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010 NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

નં. પરીક્ષા/૪-અ/4035/૨૦૧૩ તા.૧૬-૧૧-૨૦૧૩

પરિપત્ર નં.૨૬૨

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ, બી.બી.એ., બી.સી.એ. કૉલેજના આચાર્યશ્રીઓ.

**વિષય : વાર્ષિક પદ્ધતિના આંતરિક કસોટીના ગુણ મોકલી આપવા બાબત.**

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, આ યુનિવર્સિટી દ્વારા વાર્ષિક પદ્ધતિમાં ચાલતા અભ્યાસક્રમોની પ્રથમ વર્ષ, બીજા વર્ષ અને ત્રીજા વર્ષ (રીપિટર) પરીક્ષાઓ પૂર્ણ થઈ ગયેલ છે. આ તમામ પરીક્ષાઓના મૂલ્યાંકન કાર્ય પૂર્ણ થવામાં છે. આગામી સમયમાં આ પરીક્ષાઓના પરિણામ સત્વરે આપી શકાય તે માટે કૉલેજ દ્વારા લેવામાં આવેલ આંતરિક પરીક્ષાના ગુણ યુનિવર્સિટીને સત્વરે મોકલી આપવાના રહે છે.

યુનિવર્સિટી દ્વારા પ્રથમ વર્ષ, બીજા વર્ષ અને ત્રીજા વર્ષ (રીપિટર)ની આંતરિક પરીક્ષાની વિગતો યુનિવર્સિટીએ કૉલેજને ફાળવેલ મેઈલ આઈ.ડી. પર online મોકલી આપવામાં આવેલ છે. આપની કૉલેજના વિદ્યાર્થીઓની આંતરિક પરીક્ષાના ગુણની એન્ટ્રી કરી, યુનિવર્સિટીએ કૉલેજને ફાળવેલ મેઈલ આઈ.ડી. પરથી જ યુનિવર્સિટીના મેઈલ આઈ.ડી. exam_dept@gujaratuniversity.ac.in પર online સબમીટ કરવા વિનંતી છે. ***કોઈ અંગત વ્યક્તિના મેઈલથી વિગતો મોકલવી નહીં.*** આપના દ્વારા મોકલવામાં આવેલ મેઈલમાં કૉલેજનું નામ અને કૉલેજ કોડ અવશ્ય દર્શાવવો. વધુમાં આ માહિતીની હાર્ડ કોપીની એક નકલ યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં જમા કરાવવાની રહેશે.

પ્રથમ વર્ષ, બીજા વર્ષ અને ત્રીજા વર્ષ (રીપિટર) વિદ્યાર્થીઓની આંતરિક પરીક્ષાના ગુણની માહિતી મોડામાં મોડી તા. ૨૭-૧૧-૨૦૧૩ સુધીમાં મોકલી આપવા વિનંતી છે. ત્યાર બાદ આવેલ માહિતી સ્વીકારવામાં આવશે નહીં. જેની નોંધ લેશો.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

કા. પરીક્ષા નિયામક

D:\MIX\Paripatra.pmd